ગુરુકૃપા સોસાયટી અને ફતેપુરા રોડ પર પશુઓના ધાડેધાડા ઉતરી આવતા અકસ્માતનો ભય

# નડિયાદના ચકલાસી ભાગોળમાં મનપાની નિષ્ક્રિયતા : રખડતા ઢોરોથી પ્રજા પરેશાન

**અગાઉ એક** વૃદ્ધ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવા છતાં તંત્ર ઘોર નિદ્રા પોઢતા રહીશોના જીવ તાળવે ચોંટ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ શહેરના ચકલાસી ભાગોળ વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ હવે અસહ્ય બન્યો છે. જાહેર માર્ગો તો ઠીક, પરંતુ હવે પશુઓના ટોળેટોળા રહેણાંક સોસાયટીઓમાં પણ ઘૂસી આવતા હોવાથી રહીશોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. ખાસ કરીને ગુરુકૃપા સોસાયટીમાં વહેલી સવારથી પશુઓ અડિંગો જમાવીને બેસતા હોવાથી વૃદ્ધો અને બાળકોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ઢોર માલિકો દ્વારા સવારથી જ પોતાના પશુઓને એંઠવાડ ખાવા માટે રસ્તા પર છૂટા મૂકી દેવામાં આવે છે. જેના કારણે ફતેપુરા રોડ પર પશુઓના મોટા ઝુંડ રસ્તો રોકીને ઉભા રહે છે, જે વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ ઊભું કરે છે. આ ગંભીર સમસ્યા અંગે



નડિયાદ મહાનગરપાલિકામાં અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં, જવાબદાર અધિકારીઓના પેટનું પાણી હલતું નથી તેવો આક્રોશ રહીશો વ્યક્ત કરી રહ્યા છે.

### વૃદ્ધને ફેક્ચર થયું, છતાં તંત્ર જાગ્યું નહીં

ફતેપુરા રોડ પર રખડતા ઢોરોને કારણે અગાઉ એક ગંભીર અકસ્માત સર્જાઇ ચૂક્યો છે. સ્થાનિક વૃદ્ધ ધુળાભાઈ જ્યારે પોતાની ભત્રીજી સાથે ટુ-વ્હીલર પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક પશુએ તેમને જોરદાર અડફેટે લીધા હતા. આ ઘટનામાં વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમને ફેક્ચર જેવી ગંભીર તકલીફનો સામનો કરવો પડ્યો હતો. આવી ઘટનાઓ છતાં પાલિકા દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

### તંત્રની બેધારી નીતિ સામે જનતામાં રોષ

એક તરફ સરકાર રખડતા ઢોરોને ડબ્બે પૂરવાની મોટી વાતો કરે છે, ત્યારે બીજી તરફ નડિયાદના પોશ વિસ્તારોમાં જ નાગરિકો સુરક્ષિત નથી. જો આગામી દિવસોમાં પાલિકા દ્વારા પશુઓને પકડવાની કોઈ અસરકારક કામગીરી કરવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવે તેવી પૂરી શક્યતા છે. તેમાંય ચૂંટણી બહિષ્કાર સુધી ચિમકી ઉચ્ચારી છે.

‘તું અમારા ઘરમાં શોભતી નથી’ તેમ કહીને પતિ ત્રાસ આપતો હતો

# લુણાવાડામાં પતિએ સતત ટોણા મારી પત્નિને ઘરમાંથી કાઢી મુકી

**પતિ પ્રથમ** પત્નીને પણ કાઢી મૂકી હોવાની ધમકી આપતો હતો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.12

લુણાવાડા ચારણગામ સાલાવાડા પિયરમાં રહેવા મજબુર એક પરણીતાએ તેના પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ મહિસાગર પોલીસ મથકે નોંધાવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, અનિતાબેન પરમારના લગ્ન જાન્યુઆરી 2025માં વડોદરા તરસાલી ખાતે રહેતા હર્ષિલભાઈ પરમાર સાથે થયા હતા. આ લગ્નના ચાર મહિના બાદ સાસરીયાઓએ અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. “તને કામ આવડતું નથી”, “તું ગામડાની છે”, અને “તું અમારા ઘરમાં શોભતી નથી” કહીને તેને સતત ટોણા મારવામાં આવતા હતા. પતિ હર્ષિલ અવારનવાર અપશબ્દ બોલી મારઝૂડ કરતો અને પ્રથમ પત્નીને પણ આ જ રીતે કાઢી મૂકી હોવાની ધમકી આપતા હતા.

આ ઉપરાંત એસ.ટી. કંડક્ટર તરીકે નોકરી કરતા સસરા હસમુખભાઈ ‘તારા જેવી ઘણી લેડીઝ બસમાં આવે છે.’ કહી અપમાનિત કરતા હતા. પાંચ મહિના અગાઉ જ્યારે અનિતાબેન પિયર જવા નીકળ્યા ત્યારે દાગીના બાબતે ઝઘડો કરી, હવે ઘરમાં પગ મૂક્યો તો જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપી તેમને લુણાવાડાના ચારણગામ સાલાવાડા પિયર કાઢી મૂકવામાં આવ્યા હતા.

આ અંગે પરિણિતાએ હર્ષિલ હસમુખભાઈ પરમાર, હસમુખ બળવંતભાઈ પરમાર, હંસાબેન હસમુખભાઈ પરમાર, દક્ષેશ હસમુખભાઈ પરમાર, નિમીષાબેન દક્ષેશભાઈ પરમાર સહિત કુલ 5 સામે મહિસાગર મહિલા પોલીસ મથકે ગુનો નોંધાવી તપાસની માગણી કરી હતી.

# કરમસદ પાસે કેનાલમાં ડૂબી જવાથી કિશોરનું કરુણ મોત

**મિત્ર સાથે** ન્હાવા ગયો હતો, તે સમયે બનાવ બન્યો

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદના કરમસદ વિસ્તારમાં આવેલી જોગણ મહી કેનાલમાં નહાવા ગયેલા 14 વર્ષીય કિશોરનું પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, કરમસદની સંદેશર ચોકડી પાસે આવેલી જકાપાર્ક સોસાયટીમાં રહેતા આકાશભાઈ ભુરાભાઈ ભાભોર (ઉ.વ. 14) બપોના સુમારે પોતાના મિત્ર સાથે બોરીયા ગામની સીમમાં કબ્રસ્તાન પાસે આવેલી મહી કેનાલ પર નહાવા માટે ગયા હતા. બંને મિત્રો કેનાલના પાણીમાં નહાવાની મજા માણી રહ્યા હતા, તે દરમિયાન અચાનક આકાશભાઈ ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતા. જોકે, મિત્રએ બૂમાબૂમ કરી મદદ માંગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આકાશભાઈ પાણીમાં ડૂબી ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને શોધખોળ હાથ ધરી હતી, પરંતુ અંતે કિશોરનો મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવ અંગે મૃતકના પિતા ભુરાભાઈ પોંગડાભાઈ ભાભોરે પોલીસને જાણ કરી છે. આ અંગે પોલીસે અકસ્માતે મોતના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદમાં લેપટોપ ચાર્જિંગ સમયે શોર્ટ સર્કિટથી ફ્લેટમાં આગ ભડકી

**ઉનાળાની ગરમી** વચ્ચે ચાર્જર ઓવરહીટ થતા સર્જાયેલી હોનારત

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા મિશન રોડ પર આવેલી એપકે ઓર્ચિડ રેસિડેન્સીના એક ફ્લેટમાં આજે બપોરે લેપટોપ ચાર્જિંગ દરમિયાન અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. લેપટોપનું ચાર્જર અતિશય ગરમ થઈ જવાને કારણે તેમાં જોરદાર શોર્ટ સર્કિટ થયું હતું, જેના પરિણામે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની તીવ્રતા એટલી વધારે હતી કે આખા



બિલ્ડિંગમાં ધુમાડાના ગોટેગોટા પ્રસરી ગયા હતા, જેને પગલે સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ અને અફરાતફરી મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી તેને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. સદનસીબે, આગ લાગી ત્યારે ફ્લેટમાં હાજર તમામ સભ્યો સુરક્ષિત રીતે બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા, જેના કારણે કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગની લપેટમાં આવવાથી ફ્લેટમાં રહેલું ફર્નિચર, ઈલેક્ટ્રોનિક સાધનો અને અન્ય ઘરવખરીને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

નડિયાદ ફાયર ઓફિસર ચિરાગ ગઢવીએ જણાવ્યું હતું કે, ઉનાળાની ઋતુમાં ઊંચા તાપમાનને કારણે ઈલેક્ટ્રિક વાયરિંગ પર લોડ વધવાથી આવી ઘટનાઓ બનતી હોય છે. ખાસ કરીને લેપટોપ અને મોબાઈલ જેવા ઉપકરણોને સતત ચાર્જિંગમાં રાખવા જોખમી સાબિત થઈ શકે છે. મિશન રોડ જેવા ગીચ વિસ્તારમાં લાગેલી આ આગને કારણે થોડા સમય માટે સ્થાનિક જનજીવન અને ટ્રાફિક પર પણ અસર જોવા મળી હતી.

# ખેડાના સમદરા નજીક બે બાઈક અથડાતાં યુવકનું મોત

**ખેડા જિલ્લામાં** અલગ-અલગ સ્થળોએ અકસ્માત સર્જાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

ખેડા જિલ્લાના માર્ગો પર અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. તાજેતરમાં સમદરા, મહુધા અને માતર પાસે સર્જાયેલા વિવિધ અકસ્માતોમાં એક આશાસ્પદ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

પ્રથમ ઘટનામાં, ખેડાના કાજીપુરામાં રહેતા અલ્પેશભાઈ બારૈયા પોતાની મોટરસાયકલ લઈને સમદરા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી અન્ય એક મોટરસાયકલે તેમને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અલ્પેશભાઈનું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બાઈક ચાલકને ગંભીર હાલતમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. ખેડા ટાઉન પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બીજી ઘટના મહુધા પોલીસ મથકની હદમાં બની હતી. આણંદથી દૂધ ખાલી કરીને પરત ફરી રહેલા ટેન્કર ચાલક રાજેન્દ્રસિંહ વાઘેલાના ટેન્કરને એક પૂરઝડપે આવતા ડમ્પરે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટેન્કર ચાલકને થાપાના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ અકસ્માતને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ પણ સર્જાઈ હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદમાં સમસ્ત ચરોતર બ્રહ્મસમાજ દ્વારા નિમણૂક પત્ર એનાયત અને સ્નેહમિલન સમારોહ યોજાયો




**આણંદ |** આણંદ ખાતે ચરોતર બ્રહ્મસમાજ દ્વારા નિમણૂક પત્ર એનાયત અને સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંતોના આશીર્વચન સાથે બ્રહ્મસમાજને સંગઠિત કરી શિક્ષણ, સંસ્કાર અને સેવાના મૂલ્યો વિકસાવવા પર વિશેષ ભાર મુકાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે નવનિયુક્ત સભ્યોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા અને પ્રમુખ દ્વારા સમાજની એકતા તથા ભવિષ્યની યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે દીકરીઓની સુરક્ષા અને જાગૃતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ભરત રાવલ અને ધર્મેશ ગોર સહિત સમાજના અનેક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદમાં સિનિયર સિટીઝન્સ ફોરમ દ્વારા ‘ખુલ્લા મંચ’ કાર્યક્રમનું આયોજન કરાયું



**આણંદ |** આણંદના લાયન્સ હોલ ખાતે પ્રમુખ કૃષ્ણકાંત જી. શાહના અધ્યક્ષસ્થાને સંસ્થાના સર્વાંગી વિકાસ માટે ‘ખુલ્લા મંચ’ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. જેમાં ઉપસ્થિત વરિષ્ઠ સભ્યોએ આપેલા રચનાત્મક સૂચનોને આવકારતા મંત્રી ભૂપેન્દ્રભાઈ શાહે સંસ્થાની પ્રગતિ અંગે હૈયાધારણા આપી હતી. આ પ્રસંગે લકી ડ્રોના વિજેતાનું સન્માન કરાયું અને મધુદીપ ફાઉન્ડેશન દ્વારા સભ્યોને ડાયાબિટીસ માર્ગદર્શન પુસ્તિકા ભેટ આપવામાં આવી હતી. ડો. શરદભાઈ પટેલ અને વિપીનભાઈ પંડ્યાના સંચાલન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ડાકોર ખાતે વણિક જ્ઞાતિ પંચનો નવચંડી હવન યોજાયો: નવા પ્રમુખનું સન્માન કરાયું



**ડાકોર |** દશા દિશા વાળ વણિક જ્ઞાતિ પંચ દ્વારા ચૈત્ર માસ નિમિત્તે ડાકોરના કુલેશ્વરી માતા ખાતે નવચંડી હવન તથા ઉજાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પંચના નવનિયુક્ત પ્રમુખ પરેશભાઈ શાહ (ખડાલ વાળા) નું જ્ઞાતિ પંચ દ્વારા વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. હેમંતભાઈ દેસાઈએ નવા પ્રમુખને કેસરી ખેસ ઓઢાડીને સન્માનિત કર્યા હતા, જેમાં સેક્રેટરી કેતનભાઇ ગાંધી પણ સહભાગી થયા હતા. આ ધાર્મિક અને સામાજિક પ્રસંગે પંચના વિવિધ હોદ્દેદારો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### ડાકોર અશક્તાશ્રમ દ્વારા 42મા ધાનદાન પ્રયોગમાં જરૂરિયાતમંદોને અનાજની કીટનું વિતરણ કરાયું



**ડાકોર |** ડાકોરમાં અશક્તાશ્રમ દ્વારા 42મા ધાનદાન પ્રયોગ અંતર્ગત સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં બે હજાર લાભાર્થીઓને રાશન કીટ તેમજ ટોપી અને સદરાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને નગરપાલિકાના હોદ્દેદારો સહિત અનેક અગ્રણીઓએ હાજરી આપી આશીર્વાદ મેળવ્યા હતા, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેનેજર પુનિતભાઈ ખંભોળજાએ કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગોમતી નદીની પવિત્રતા જાળવવા અને પ્રદૂષણ અટકાવવા માટે કિનારે મૂકવામાં આવનાર બે ખાસ કળશનું પણ પૂજન કરવામાં આવ્યું હતું.

### કપડવંજની જીવનશિલ્પ પ્રાઇમરી સ્કૂલમાં ધો.8ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો



**કપડવંજ |** કપડવંજની જીવનશિલ્પ પ્રાઇમરી સ્કૂલમાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે વિદાય અને શુભેચ્છા સમારોહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્પીચ અને અભિનય ગીત દ્વારા શાળાના સંસ્મરણો વાગોળ્યા હતા, જ્યારે મુખ્ય મહેમાન સિદ્ધાર્થ પટેલે વિદ્યાર્થીઓને જીવનનું લક્ષ્ય નક્કી કરી આગળ વધવા પ્રેરણા આપી હતી. શાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટ અને નાસ્તો કરાવીને લાગણીસભર વિદાય આપવામાં આવી હતી. આ સફળ આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટી મંડળે આચાર્ય અને શિક્ષકગણને અભિનંદન પાઠવ્યા હતા.

### કપડવંજના અપ્રુજી ગામમાં નિકળેલી રથયાત્રામાં ગ્રામજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી



**કપડવંજ |** કપડવંજના પશ્ચિમ વિસ્તારમાં વાત્રકકાંઠાના અપ્રુજી ગામે વર્ષો જૂની પરંપરા મુજબ ચૈત્રી પૂનમ નિમિત્તે માતાજીનો ભવ્ય રથ કાઢવામાં આવ્યો હતો. 14ની રાત્રે નિવેદ બાદ પૂનમની સવારે નીકળેલા આ રથમાં ગામના તમામ વિસ્તારોના લોકો અને બહાર નોકરી કરતા શ્રદ્ધાળુઓ પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ગામમાં સુખ, શાંતિ અને નિરોગી વાતાવરણ જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી આ રથયાત્રાનું આયોજન દર વર્ષે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે. મહિલા આગેવાન કલ્પનાબા સોલંકીના જણાવ્યા મુજબ, રથના દર્શન કરી સમગ્ર ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સૌએ ધન્યતા અનુભવી હતી.

### કપડવંજમાં જગદીશાનંદજી રંગબાળના 73મા જન્મોત્સવની ઉજવણી કરાઇ



**કપડવંજ |** કપડવંજ ખાતે અવધૂત દરબારમાં રંગબાળ પ્રેમોત્સવ સેવા સમિતિ દ્વારા જગદીશાનંદજીના 73મા જન્મદિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભજન, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંતોના આશીર્વચન સાથે દીપ પ્રાગટ્યનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. દેશભરમાંથી ઉમટી પડેલા હજારો અનુયાયીઓએ મહાપ્રસાદનો લાભ લીધો હતો અને બાળ કલાકાર મહેર સોનીના નૃત્યએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. સમિતિના સભ્યો અને સ્વયંસેવકોના સહયોગથી આ મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ‘વોકલ ફોર લોકલ’ થીમ હેઠળ સ્વદેશી જાગૃતિ અભિયાન યોજાયું



**આણંદ |** વડાપ્રધાનના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર ખાતે ‘વોકલ ફોર લોકલ’ થીમ પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સ્વદેશી અભિગમ કેળવાય તે હેતુથી તેનું મહત્વ સમજાવી તમામ ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક ‘સ્વદેશી શપથ’ ગ્રહણ કર્યા હતા. કુલપતિ ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી.એચ. પટેલ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટીના વિવિધ અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી સ્વદેશી ચળવળને વેગ આપ્યો હતો.

### ચારુસેટમાં ‘જનરેટિવ AI’ પર ત્રિદિવસીય રાજ્યકક્ષાનો વર્કશોપ યોજવામાં આવ્યો



**આણંદ |** ચારુસેટ સંલગ્ન સીએસપીઆઈટીના એઆઈ - એમએલ વિભાગ દ્વારા ડીએસટી, ગુજકોસ્ટ અને ગુજરાત સરકારના સહયોગથી ‘જનરેટિવ એઆઈ’ વિષય પર ત્રિદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં 42 સહભાગીઓને નિષ્ણાત વક્તાઓ દ્વારા જનરેટિવ એઆઈના મૂળભૂત સિદ્ધાંતો, આધુનિક ટૂલ્સ અને પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગનું ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ હેન્ડ્સ-ઓન સેશન દ્વારા વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પ્રેક્ટિકલ એપ્લિકેશન્સ વિકસાવવાનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. આધુનિક ટેકનોલોજી અને કૌશલ્ય વિકાસ પર આધારિત આ પ્રેક્ટિસ સેશન્સ બદલ તમામ સહભાગીઓએ યુનિવર્સિટીના આ અભિગમની પ્રશંસા કરી હતી.

### ઉમરેઠ પેટાચૂંટણીના ખર્ચ ઓબ્ઝર્વરે મીડિયા મોનીટરીંગ સેન્ટરની મુલાકાત લીધી



**આણંદ |** ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી 2026 માટે 23મી એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે ખર્ચ ઓબ્ઝર્વર અનંગ રાવતે આણંદ જિલ્લામાં વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. તેમણે ખાસ કરીને જિલ્લા કક્ષાના ફરીયાદ નિવારણ કેન્દ્ર અને મીડિયા મોનીટરીંગ સેન્ટરની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ચૂંટણી દરમિયાન આચારસંહિતાનું પાલન થાય અને દેખરેખ વ્યવસ્થા મજબૂત બને તે હેતુથી આ મુલાકાત લેવામાં આવી હતી.

### આણંદમાં જાગૃતિ મહિલા સમાજ દ્વારા 15મીએ ‘વેસ્ટમાંથી બેસ્ટ’ સ્પર્ધા યોજાશે

**આણંદ |** શહેરના જાગૃતિ મહિલા સમાજ દ્વારા મહિલાઓમાં રહેલી અદ્ભુત કલાને ઉજાગર કરવાના હેતુથી ‘વેસ્ટમાંથી બેસ્ટ’ એટલે કે નવિનીકરણની કલા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી 15મી એપ્રિલને બુધવારના રોજ બપોરે 2-30 કલાકે આણંદના સો ફૂટ રોડ પર, ઇન્દિરા સ્ટેચ્યુ પાસે, SBI બેંકની બાજુમાં આવેલી હોટલ ‘ધ કબીરા’ ખાતે રાખવામાં આવી છે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય બહેનો ઘરની જૂની અને નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને કેવી રીતે નવીન અને ઉપયોગી ચીજવસ્તુઓ બનાવી શકે છે, તે પ્રતિભાને મંચ પૂરું પાડવાનો છે. આ સ્પર્ધાના નિયમો મુજબ, સ્પર્ધકોએ નકામી વસ્તુઓમાંથી બનાવેલી કૃતિઓ ઘરેથી બનાવીને લાવવાની રહેશે અને સ્પર્ધાના સ્થળ પર માત્ર તેની ગોઠવણી કરવાની રહેશે. સંસ્થાના મંત્રી સ્મિતાબેને તમામ બહેનોને આ સ્પર્ધામાં જોડાવા અને અલ્પાહારનો રસાસ્વાદ માણવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.